# ગઝલ

## સુનીલ શાહ

### (1)

ફુલો પણ જો કાંટા થાય,
તો કોના પર શ્રદ્ધા થાય!

દીવો નહી, અંગારા છે,
એ ફુંકો તો જ્વાળા થાય!

થાય પરીક્ષા ખેડુતની,
વાદળ જ્યારે વાંકાં થાય.

હોય સમજ પુરેપુરી,
તોય ઘણા તો ભોળા થાય!

દરીયા વચ્ચે ફરવાથી,
માણસ તે કંઈ મોજાં થાય?

### (2)

તારા ગજા મુજબ તો આ નબળો પ્રહાર છે,
ઝાકળના બુંદ બાગમાં તારો શીકાર છે.

અંધારું ચોતરફ છે એ મનનો વીચાર છે,
જાગી જવાય તો બધે ઝળહળ સવાર છે.

સમજાવ્યું જીંદગીએ મને, એ અહીં જ છે;
છો કેટલાયે માને કે, સુખ પેલે પાર છે.

અસ્તીત્વ મારું કોઈ રીતે કામનું નથી,
મારો નહીં; પરંતુ, એ તારો વીચાર છે.

વડલો જો થઈ શકાય તો ફેરો સફળ થશે,
નહીંતર તો જીંદગી અહીં કેવળ લટાર છે.

## (3)

બધાનાં દર્દનો પડઘો સમાવો,
પછી અમને કવીતા સંભળાવો.

શું કરશો એમની ટીકા કરીને?
જે ભુલ્યા એમને રસ્તો બતાવો.

સફળતા મેળવી છે બાળકે તો;
ભલે નાની હશે, એને વધાવો.

કરો પુરવાર, સાચા હો તમે તો;
બધી વાતે શરત શાને લગાવો?

સંબંધો જ્યારે કાંટા જેમ ચુભે,
ફુલો પાસે સમય થોડો વીતાવો.

## (4)

એવી રીતે તો ફક્ત ધુમાડા કરી શકો,
ઈર્ષ્યાનું તેલ લઈને, ન દીવા કરી શકો.

ખુલ્લું રહે હૃદય, ને હો સૌ માટે આવકાર;
જીવનમાં એટલી તો સરળતા કરી શકો.

એવા જ સંત કે ગુરુ સાચા ગણાય છે,
કે જેની સામે પ્રશ્ન ને શંકા કરી શકો.

ટોળાની વચ્ચે રહી તમે બીજું કરોય શું?
બહુ બહુ તો સાથે સૌ મળી ‘હો-હા’ કરી શકો.

મારી શકાય એને, ન એના વીચારને,
જીવ્યા છે સત્ય એને, ન ઝાંખા કરી શકો.

## (5)

શક્યતાના એક એવા દ્વારની વચ્ચે ઉભો છું,
એમ લાગ્યું, ફુંક ને અંગારની વચ્ચે ઉભો છું.

જીંદગીના કેટલા પડકારની વચ્ચે  ઉભો છું,
મધ્યમાં; આ પાર કે ઓપારની વચ્ચે ઉભો છું.

કોણ  છું હું; પ્રશ્ન ખુદને એટલે પુછું સતત કે,
હું વીશેષણની સતત ભરમારની વચ્ચે ઉભો છું.

એક માણસ અન્યને આપે ખભો એ જોઈ લાગ્યું,
આજ ઈશ્વરના નવા અવતારની વચ્ચે ઉભો છું!

કેટલું રાખું વજન, ને કેટલું ત્યાગી શકું હું?
કોઈ નીર્ણય થાય નહીં, એ ભારની વચ્ચે ઉભો છું.

દર્દ નામે માછલીની આંખ હું તાક્યા કરું રોજ,
કરવું છે સંધાન, એ નીર્ધારની વચ્ચે ઉભો છું.

## (6)

ભીંત ઘડીભર બારી થઈ ગઈ,
શ્વાસની યાત્રા સારી થઈ ગઈ.

ઘટના એક ગોઝારી થઈ ગઈ,
માનવતા નોંધારી થઈ ગઈ.

સાચું જાણ્યું, સ્વીકાર્યું નહીં,
મન પર ઈચ્છા ભારી થઈ ગઈ.

એણે આશ્ચર્યો સર્જવા ’તા,
વાત એની અખબારી થઈ ગઈ.

જોઈ સામા ઘરની રોનક,
ઈચ્છાઓ દરબારી થઈ ગઈ.

સંતે સુંદર ચહેરો જોયો,
સાધુતા સંસારી થઈ ગઈ.

## (7)

પ્રથમ નજરે જ જે ઘટના વીશે સંશય થવા લાગે,
બને એવું પછીથી સત્યનો પરીચય થવા લાગે.

અલગ આકાર, રંગો હોય; પણ સાથે જ રહે ફુલો,
આ ઉપવન જોઈ સૌને એટલે વીસ્મય થવા લાગે.

ભલે દુર્ભાગ્યનો અંધાર લઈ સૌ કેદ થઈ બેઠા,
સમય જ્યાં તાળું ખોલે ત્યાં જ, સુર્યોદય થવા લાગે.

કદમ દોડી રહ્યાં છે, અન્યને બસ પાડવા માટે;
ન લાગે જ્યાં લગી ઠોકર, બધા નીર્ભય થવા લાગે.

ખરેખર એની ચંચળતા જ એનું હોય છે લક્ષણ,
હશે રસનો વીષય, બાળક તરત તન્મય થવા લાગે.

## (8)

તમે જ્યાં બેફીકર હો, એ સમયની વાત કહેવી છે;
મળ્યો’તો કાચબાને, એ વીજયની વાત કહેવી છે.

સભર સંવેદના હો, ને મળે ટહુકો સતત ડાળે;
ન હો અખબારમાં, એવા વીષયની વાત કહેવી છે.

તમે ચંચળતા એની જોઈ, ના જોયો શીકારીને;
અહીં ધ્રુજતા હરણને ખુદના ભયની વાત કહેવી છે.

ન કેવળ શબ્દથી કંઈ ગીત પુરું થાય જીવનનું,
હજી આગળ વધી સુરતાલ, લયની વાત કહેવી છે.

તમે છો તર્કના ભુખ્યા, ગળે તમને ઉતરશે નહીં;
અમારે સઘળું નીચોવી, હ્રદયની વાત કહેવી છે.

## (9)

હો તડકો કે છાંયો કંઈ પણ, સઘળું ઉત્તમ!
જીવવાનું ફાવે તો હર ક્ષણ, સઘળું ઉત્તમ!

જો નીકળો ઘર બ્હાર તમે મક્કમ ઈરાદે;
સામે આવે દરીયો કે રણ, સઘળું ઉત્તમ!

કેવળ હો ભીનાશ હ્રદયમાં એ ચાલે નહીં,
ત્યાં જો વ્હાલપ ઉગે તત્ક્ષણ, સઘળું ઉત્તમ!

હું નહીં આવું.. કહીને પણ જ્યાં એ આવી રહી;
ત્યાં ખુશ થઈને બોલ્યું આંગણ : ‘સઘળું ઉત્તમ!’

સ્પર્શ ભળે એનો, એ મારે મન પુરતું છે;
‘મા’ આપે, એ મણ હો કે કણ; સઘળું ઉત્તમ!

પ્રેમ કર્યો છે જેને એ મનગમતી વ્યક્તી,
મૌન રહે કે આપે ભાષણ, સઘળું ઉત્તમ!

કેવળ પ્રેરક વર્ગોમાં જઈએ નહીં ચાલે,
આવે અંદરથી જો સમજણ, સઘળું ઉત્તમ!

## (10)

મને હું જ્યારે મળું છું ત્યારે, હમેશાં એવો વીચાર આવે;
બધાનું જીવન હર્યુંભર્યું હો, કદાચ એવી સવાર આવે.

પછી હું વાંધો નહીં જ કાઢું, ભલેને દીવાલ હોય પહોળી;
શરત છે બસ, એટલી જ મારી, કે વચ્ચે બારી ને દ્વાર આવે.

વીચાર કરતાં જ રહી ગયા, ને વીચાર આગળ નહીં ચલાવ્યો;
પછી વીચારો, તમારી પાસે નવું તે શું ધારદાર આવે?

કદાચ નાટક કશેક અટકે, તો માર્ગ જાતે જ કાઢવાનો;
તમે જુઓ કેમ રાહ એવી, બચાવવા સુત્રધાર આવે!

હતા તમે જે પ્રમાણે પહેલાં, નથી કશો ફેરફાર એમાં;
મળ્યાં ન ખુદને, ન ગુફતગુ થઈ; પછી તો ક્યાંથી સુધાર આવે?

## (11)

મેં જે જોયું, એણે જોયું, બંનેનું વર્ણન નોખું છે;
દૃશ્ય હતું એક જ, પણ સૌ સૌનું એમાં ચીન્તન નોખું છે.

ખીણ સમી અંધારી ગઈકાલે, વાણીમાં પ્રેમ હતો; પણ,
આજે એ ટોચે બેઠા છે તો એનું વર્તન નોખું છે.

હો તનની કોઈ પીડા, કે દીકરો વહુ તરછોડે ત્યારે;
બંને ઘટનામાં વૃદ્ધોમાં ઉદ્‌ભવતું કંપન નોખું છે.

કોઈ અનાથાશ્રમમાં ઉછર્યું તો કોઈ પોતાના ઘરમાં;
બેઉ થયા મોટા, પણ એમાં વ્હાલપનું સીંચન નોખું છે.

પ્રેમ પ્રતીક્ષા જોઈ પ્રભુએ એઠાં બોરાં પણ ચાખ્યાં છે,
આ દુનીયાનાં સૌ પાત્રોમાં શબરીનું દર્શન નોખું છે.

## (12)

ગલત છે ધારણા કે તારો એ આધાર માંગે છે,
કશું બીજું નહીં; મા–બાપ બસ, સંસ્કાર માંગે છે.

સભર હો લાગણીથી એટલો વ્યવહાર માંગે છે,
આ બાળક ક્યાં વધારે કોઈ શીષ્ટાચાર માંગે છે!

સરળ, સીધો હશે અહેવાલ તો એને નહીં ગમશે,
અહીં અખબારનો માલીક સતત ચકચાર માંગે છે.

હું વેઠું છું બધીયે વેદનાઓ એકલે હાથે;
મળે છે જ્યાં ખુશી, મન એક ભાગીદાર માંગે છે.

ફરજ એની બજાવી રોજ એ અજવાસ આપે છે,
આ સુરજ એના બદલામાં શું પુરસ્કાર માંગે છે?

સુનીલ શાહ

@@@

કવીસંપર્ક:

સુનીલ શાહ

નોર્થ - **101**, ન્યુઝ એવન્યુ, સ્નેહસંકુલ વાડી પાસે, આનંદમહલ માર્ગ, અડાજણ,

સુરત-395 009 Mobile - **94268 91670** eMail: sunilshah101@gmail.com

FB: https://www.facebook.com/sunil.shah.378199

કવીસર્જન: 'પાંખોની દોસ્તી'– ગઝલસંગ્રહ પ્રકાશન વર્ષ: 2016, પ્રકાશક: પોતે,
પૃષ્ઠ: 64, મુલ્ય: રુપીયા: 80, પ્રાપ્તીસ્થાન: ઉપર મુજબ

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક, ગુજરાતી ભાષાના પ્રસીદ્ધ ગઝલકાર, સુરતના ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com)નો ખુબ ખુબ આભાર.. -ઉત્તમ ગજ્જર

@@@

'સન્ડે ઈ.મહેફીલ'- વર્ષ : સોળમું - અંક : 474- March 14, 2021

'ઉંઝાજોડણી'માં: અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 4,12,85,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,91,59,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 11,38,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 13,68,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@